ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ – 380 014

પરિપત્ર

જા. નં. 1654/2016-17 તારીખ-14/9/2016

વંચાણે લીધાઃ-

1. યુજીસીનો પત્રક્રમાંક F.13-1/2012 (DU) તા.11-03-2015
2. તા.06-05-2016ના રોજ મળેલી ગૂજરાત વિદ્યાપીઠ કાર્યવાહક સમિતિનો ઠરાવ નં-30
3. ભારત સરકારના સેન્ટ્રલ સર્વિસીઝ (મેડિકલ એટેન્ડન્સ) રૂલ્સ, 1944

આથી ઉચ્ચ શિક્ષણ વિભાગના સૌ સેવકોને જણાવવાનું કે યુજીસીના તા.11-03-2015ના પત્રને આધારે ગૂજરાત વિદ્યાપીઠ કાર્યવાહક સમિતિએ તા.06-05-2016ના રોજ કરેલા ઠરાવ અનુસાર ઉચ્ચ શિક્ષણ વિભાગના સૌ સેવકોને ભારત સરકારના સેન્ટ્રલ સર્વિસીઝ (મેડિકલ એટેન્ડન્સ) રૂલ્સ, 1944 અંતર્ગત મેડિકલ રીઇમ્બર્સમેન્ટનો લાભ આપવાનો થાય છે. સેવકોને સરળતાથી જાણકારી મળી શકે તે હેતુથી ગુજરાતી ભાષામાં ભાવાનુવાદ કરી વિદ્યાપીઠની વેબસાઇટ ઉપર મુકવામાં આવેલ છે. ભારત સરકારના આ નિયમોમાં જ્યારેપણ ફેરફાર થશે ત્યારે આ નિયમો આપોઆપ લાગુ પડશે.

(રાજેન્દ્ર ખીમાણી)
કુલસચિવ